નિસર્ગ ખાતે વિજ્ઞાન શિક્ષકોની તાલીમ યોજાઈ

# પેથાપુર પોલીસ સ્ટેશનમાં એસીબીની ટ્રેપ

**પાસપોર્ટ પોલીસ સ્ટેશનમાં જમા ન કરવા માટે પીએસઆઈએ ૫ લાખ માંગ્યા હતા : ૫૦ હજારમાં ડીલ નક્કી થતા ૨૫ હજાર વહીવટદાર કોન્સ્ટેબલને પહેલા આપ્યા અને બાકીના ૨૫ હજાર ગઈ સાંજે આપવાના હતા : ટ્રેપ ગોઠવી ૨૫ હજાર સાથે કોન્સ્ટેબલની ધરપકડ : પીએસઆઈ વાળા ફરાર**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીકના પેથાપુર ગામમાં રહેતા જીતેન્દ્રસિંહ વાઘેલાનો દિકરો અમેરિકાથી ત્રણ મહિના માટે ઘરે આવ્યો હતો. દરમિયાનમાં એક મારામારીનો કેસ તેની પર થતા પાસપોર્ટ જમા કરવાની કાર્યવાહી કરવા પેથાપુર પોલીસે તજવીજ કરી હતી. પાસપોર્ટ જમા ન કરાવવો હોય તો રૂ. ૫ લાખ આપવા પડશે તેવી માંગ પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા વહીવટદાર કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ એ કરી હતી. આ મામલે એસીબીમાં અરજી કરતા ગઈ સાંજે પોલીસ સ્ટેશનમાં જ ટ્રેપ ગોઠવવામાં આવી હતી. ડીલમાં અંતે ૫૦ હજાર નક્કી થતા અગાઉ ૨૫ હજાર આપી દેવાયા હતા જયારે બાકીના ૨૫ હજાર ગઈ રાત્રે આપવા જવાનું હતું. ટ્રેપ ગોઠવીને એસીબીએ કોન્સ્ટેબલને રૂ. ૨૫ હજાર લેતા રંગે હાથ પકડી પાડયો હતો જયારે પીએસઆઈ વાળા ફરાર થઈ ગયા હતાં.

મળતી માહિતી મુજબ પેથાપુરના જીતેન્દ્રસિંહ નટવરસિંહ વાઘેલાનો અમેરિકા રહેતો દિકરો ત્રણ મહિના માટે ઘરે આવ્યો હતો. દરમિયાન કોઈ સાથે માથાકુટ થતા મારામારી થઈ હતી. આ ગુનો પેથાપુર પોલીસ મથકમાં નોંધાતા પોલીસે કાર્યવાહી કરી હતી. આવતા મહિને તેમના દિકરાને અમેરિકા પરત જવાનું હતું પરંતુ પોલીસે પાસપોર્ટ પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા સુચના આપી હતી. જો પાસપોર્ટ જમા થાય તો દિકરો અમેરિકા આવતા મહિને જઈ શકે તેમ ન હતું. પેથાપુર પોલીસ સ્ટેશનમાં જ પીએસઆઈ ડી.બી. વાળા તથા વહીવટદાર કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ વીજુભા ચુડાસમાએ પાસપોર્ટ જમા ન કરાવવો હોય તો રૂ. ૫ લાખ આપવા માંગણી કરી હતી. પાંચ લાખને બદલે રકઝકને અંતે રૂ. ૫૦ હજારમાં નક્કી કરવામાં આવ્યું. રૂ. ૨૫ હજાર દિવ્યરાજસિંહને આપી દીધા હતા અને બાકીના રૂ. ૨૫ હજાર ગઈ સાંજે આપવાનું નક્કી થયું હતું. એસીબીને જીતેન્દ્રસિંહે ફરિયાદ કરતા ગઈ સાંજે પી.આઈ. કે.આર. ડાભીએ ટ્રેપ ગોઠવી દીધી હતી અને રૂ. ૨૫ હજાર સ્વિકારતા કોન્સ્ટેબલને પકડી પાડવામાં આવ્યો હતો જયારે પીએસઆઈ ડી.બી. વાળા ફરાર થઈ ગયા હતા. એસીબીએ બંને સામે ગુનો નોંધી કોન્સ્ટેબલની ધરપકડ કરીને પીએસઆઈની શોધખોળ શરૂ કરી છે.



## @ગાંધીનગર

● ચ-૪ સ્વર્ણિમ પાર્ક ફુવારા પાસે શનિવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સેટરડે નાઈટનો શો યોજાશે.

● બી.પી. કોલેજ ઓફ બીબીએ દ્વારા સેકટર-૨૩ના કડી સર્વ વિદ્યાલય સંકુલના ખિમજી વિશરામ હોલ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ફ્રેશર્સ સેરેમની યોજાશે.

## બ્રહ્મસમાજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૫

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૩ શાખા દ્વારા આગામી તા.૧૭ જુલાઈને રવિવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે અભિષેક ફલેટની સામેના મેદાન-વિરાટનગર સોસાયટી, સે-૨૩ ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે વોર્ડ નં. ૪ના સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ વૃક્ષારોપણ કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સે-૨૩ શાખાના પરિવારોને હાજર રહેવા સેકટર શાખાના મંત્રી પ્રદિપભાઈ દવેએ અનુરોધ કર્યો છે.

## રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર અને જિલ્લા રાજપૂત સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૭મી જુલાઈને રવિવારના રોજ બપોરના ૨.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન સે-૧૨, બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત ભવન ખાતે તેજસ્વી તારલા અને વિશિષ્ટ વ્યકિતઓનો સન્માનવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય સી.જે. ચાવડા, ગાંધીનગરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. શહેર રાજપૂત સમાજ અને જિલ્લા રાજપૂત સમાજના તમામ રાજપૂત આગેવાનો, મહિલાઓ અને વિદ્યાર્થીઓને અને વાલીઓને હાજર રહેવા સમાજના પ્રમુખ વિક્રમસિંહ ગોલ અને કરણસિંહ વાઘેલા દ્વારા અનુરોધ કરાયો છે.



સેકટર-૧૫ સ્થિત સરકારી કોમર્સ કોલેજ ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કરણ, લિમડો, પિપળો, ડોલપામ, ગુલમહોર અને ગરમાળા સહિતના ૫૦થી વધુ વૃક્ષોનું સમગ્ર કેમ્પસમાં વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ આચાર્ય એસ.જી. દેસાઈ, પ્રોફેસર મિત્રો તેમજ કોલેજના એન.એસ.એસ. સ્વયં સેવકોએ હર્ષપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર એ.કે. પરમાર અને રમેશભાઈ ચૌહાણે કર્યું હતું.

## કેવો સુખદ યોગાનુયોગ...!! સાસુ, વહુ અને દિકરીનો જન્મદિવસ એક જ તારીખે...!!

ગાંધીનગર, તા.૧૫

સાસુ, વહુ અને દિકરી એમ ત્રણ પેઢીની જન્મતારીખ એક જ દિવસે હોય તે કેવો અજબ સંયોગ કહેવાય..! ગાંધીનગરના એક પરિવારમાં આવી જ ત્રણ પેઢીની ત્રિપુટી મોજુદ છે. સેકટર-૨માં રહેતા જીજ્ઞાષા રાવલનો જન્મદિવસ તા. ૧૬મી જુલાઈ છે આ સાથે તેમના સાસુ ભારતીબેન રાવલ અને દિકરી સંસ્કૃતિ રાવલનો જન્મ દિવસ પણ ૧૬મી જુલાઈએ જ છે. કેવો સુખદ યોગાનુયોગ..!!

જીજ્ઞાષા રાવલ ભારત વિકાસ પરિષદના ગાંધીનગરના એકમના પ્રમુખ ચંદ્રકાન્ત રાવલના ધર્મપત્નિ છે. એક જ પરિવારમાં ત્રણ ત્રણ મહિલાઓની જન્મતારીખ એક જ તારીખે હોય તેવો સુખદ યોગાનુયોગ તેમને પ્રાપ્ત થયો છે. તેમના માતૃશ્રી ભારતીબેન વ્યાસ, પત્નિ જીજ્ઞાષા તથા તેમની પુત્રી સંસ્કૃતિ રાવલનો જન્મદિવસ એક જ તારીખે છે. ભારતીબેન ૧૯૪૮માં ૧૬મી જુલાઈએ જન્મ્યા હતા, જીજ્ઞાષાબેન ૧૯૭૩માં ૧૬મી જુલાઈએ જન્મ્યા હતા અને સંસ્કૃતિનો જન્મ ૨૦૦૩માં ૧૬મી જુલાઈએ જ થયો હતો. આ સુખદ સંયોગને તેઓ અનોખી રીતે ઉજવવાના છે. આ દિવસે તેઓ એક વૃક્ષ વાવશે તથા ગોકુળપુરા ગામે સેવા વસ્તીમાં ચાલતા અભ્યાસ કેન્દ્રના બાળકોને ફળફળાદિનું વિતરણ કરશે.

## આવતીકાલે જીએનએલયુનો ૧૩મો સ્થાપના દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ખાતે સ્થિત ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ૧૩માં સ્થાપના દિનની તા. ૧૭મી જુલાઈએ ઉજવણી કરાશે. આ પ્રસંગે યુનિવર્સિટી ઓફ વૉરવિર્કના પ્રાધ્યાપક ડૉ. ઉપેન્દ્ર બક્ષી મુખ્ય મહેમાનપદે તથા અતિથિ વિશેષ પદે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સોનિયા ગોકાણી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં અધ્યાપકો, કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને પ્રસંશાત્મક કામગીરી માટે એવોર્ડ વિતરણ કરાશે. આ પ્રસંગે જીએનએલયુના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કરાશે.

## વાતવાતમાં

● ન્યુ ગાંધીનગરના કુડાસણ, રાયસણ વિસ્તારમાં દિવસ દરમિયાન વિજળી વેરણ થતા રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા. આ વિસ્તારમાં આવેલ સીટી પલ્સ સિનેમામાં દિવસના તમામ શૉ કેન્સલ કરવા પડયા હતા અને માત્ર રાત્રિના શૉ જ પ્રદર્શિત કરવા શકય બન્યા હતા.

● મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી ચાલુ થાય તે પૂર્વે વોર્ડ નં. ૬ના ભાજપી નગરસેવક નાઝાભાઈ ઘાઘરે અકસ્માતમાં ઘાયલ મહિલાની મદદ કરી હતી તે બાબતે તેમને પાટલી થપથપાવી બિરદાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય બાબત તો એ છે કે એક ભાજપી નગરસેવકની સંવેદનાને બિરદાવવાની દરખાસ્ત કોંગ્રેસી નગરસેવક જીતુભાઈ રાયકા દ્વારા કરાઈ હતી.

● દિવસ દરમિયાન માહિતી ખાતાની તમામ ઓફિસો તથા અન્ય સરકારી કચેરીઓમાં મુખ્યમંત્રીના લેટરપેડ બનાવી છેતરપીંડી કરનાર સિનિયર કલાર્ક ગૌતમ પ્રજાપતિની ઘટના 'ટોક ઓફ ધ ડે' બની રહી હતી. સમગ્ર પ્રકરણ અંગે સરકારી કર્મચારીઓ અનેક પ્રકારના તર્કવિતર્ક રજૂ કરતા નજરે ચઢયા હતાં.

● સમગ્ર ગાંધીનગરમાં વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયેલા તથા કાદવ કિચડ પામેલા વિસ્તારો જોવા મળી રહ્યા છે. આ કારણે શહેરમાં રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ થઈ રહ્યો હોઈ સત્વરે જંતુનાશક દવાઓનો છંટકાવ કરાય તે જરૂરી બન્યું છે.

**પશ્ચિમી સંસ્કૃતિથી વિદેશીઓ ભારતીય સંસ્કૃતિ તરફ વળ્યા**

## ઈટાલીના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે કડીમાં

ગાંધીનગર, તા.૧૫

એ.એફ.એસ. એ સાંસ્કૃતિક આદાન પ્રદાન કરતી સંસ્થા છે. જે ૧૪ દેશોમાં શાળા તથા કોલેજ કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણની સાથે સાંસ્કૃતિક આદાન પ્રદાન કરે છે. વિશ્વ યુધ્ધ વખતે જે લોકો મૃત તથા ઘાયલ થયેલા સૈનિકોને દવાખાનામાં સારવાર અર્થે લઈ જતા એક ડ્રાઈવરને વિચાર આવ્યો કે યુધ્ધ બે દેશો વચ્ચે છે. માનવીય સંબંધો વચ્ચે નથી. માનવ માનવનું અંતર ઘટે અને બંને દેશોના સંબંધ વિદ્યાર્થીઓથી સુધરે એ હેતુથી આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થાએ હમણાં જ વિશ્વ કક્ષાએ ૧૦૦ વર્ષ પૂર્ણ કરી ભારતમાં આ સંસ્થાનું પુનઃ નિર્માણ થયું જેને ૧૦ વર્ષ થયા છે.

સર્વ વિદ્યાલય ગાંધીનગર ખાતે ૨૦૦૭માં ઈટાલીની એક દિકરી જેસિકા અભ્યાસ અર્થે આવી. જેમાં આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરનો ઝેવીયર્સ સ્કૂલનો એક વિદ્યાર્થી આ માટે પસંદગી પામ્યો પણ સામે તેમણે જેસીકાને પ્રવેશ ન આપ્યો. જયારે ઝેવીયર્સ સ્કૂલે પ્રવેશ ન આપ્યો ત્યારે સ્વ. માણેકલાલ સાહેબે આ વિદ્યાર્થીનીને પ્રવેશ આપી શિક્ષણ ફી માફી કરી આપી. ત્યાર બાદ જેસીકાએ ગાંધીનગરની એમ.બી. પટેલ સ્કૂલમાં એક વર્ષ સુધી અભ્યાસ કર્યો. આવો જ કાર્યક્રમ શિક્ષકો માટે પણ ચાલે છે. જેમાં શિક્ષકો પણ સંસ્કૃતિ આદાન પ્રદાન કરી શકે છે. આ હેતુથી આ શાળાની શિક્ષિકા ડૉ. વર્ષા ભૂપેન્દ્ર પારેખની પસંદગી થઈ તેઓ ૨૦ દિવસ સુધી જાપાન રહી આવી માણેકલાલ સાહેબને આ કાર્યક્રમને વેગ આપવા વિનંતી કરી. ત્યારથી આજ સુધી ગાંધીનગર એમ.બી. ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં દર વર્ષે ૪ વિદ્યાર્થી વિવિધ દેશોમાંથી આવી અભ્યાસ કરે છે. સામે ગાંધીનગરના વિદ્યાર્થીઓ એ.એફ.એસ.ની પરીક્ષા તથા ઈન્ટરવ્યુ પાસ કરી વિવિધ દેશોમાં અભ્યાસ અર્થે જાય છે.

ચાલુ વર્ષે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી કમળાબેન અમૃતભાઈ પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ઈટાલીથી અનીતા અને એન્ડ્રીયા નામના વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવેલા છે કે જયાં સંસ્કારો તથા કેળવણી આપવામાં આવે છે તથા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી પોતાના નૈતિક મુલ્યોનું જતન કરે છે. અનીતા નામની વિદ્યાર્થીની સોમવારથી શુક્રવાર સર્વ વિદ્યાલયની ગર્લ્સ હોસ્ટેલમાં રહેશે જયારે એન્ડ્રીયા નામનો વિદ્યાર્થી ડી.એન. પટેલ ઈંગ્લીશ મીડીયમ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરશે તેમજ શનિવાર અને રવિવાર પોતાના વાલી દિલીપભાઈ પટેલ તથા યોગેશકુમાર પટેલ પાસે રહી સમય ગાળશે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી કમળાબેન અમૃતભાઈ પટેલ ઈંગ્લીશ મીડીયમ શાળાના આચાર્ય રાજકુમાર વર્મા સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ શિક્ષકગણ તેમજ શાળા પરિવાર તેમને આવકારતા હર્ષની અનેરી લાગણી અનુભવે છે.

## બીસીએ કોલેજમાં વિદ્યાર્થીઓ માટે સામાજિક વિકાસ હેતુ કાઉન્સીલીંગ સત્ર યોજાયું

ગાંધીનગર, તા.૧૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કોલેજ ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે. આ કોલેજમાં ભણવાની સાથે સાથે વિદ્યાર્થીઓ સામાજિક ક્ષેત્રે પણ વિકાસ કરી શકે તે હેતુ કોલેજમાં 'વુમન ડેવલોપમેન્ટ સેલ', 'વુમન ઉદ્યોગ સાહસિકતા સેલ' અને 'નોલેજ એન્ડ કરિયર ડેવેલોપમેન્ટ સેલ'ની રચના કરવામાં આવેલ છે. આજ રોજ સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૩ના વિદ્યાર્થીઓ માટે સામાજિક વિકાસ હેતુ ત્રણેય અલગ અલગ અલગ સેલ દ્વારા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે કાઉન્સીલીંગ પરામર્શ સેશન યોજવામાં આવ્યા હતા.



વુમન ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત આ સેલના કો ઓર્ડિનેટર્સ પ્રાધ્યાપક પ્રા. જૈમિની કુલકર્ણી, પ્રા. મોનિકા પટેલ અને પ્રા. ભાવના પટેલે વિદ્યાર્થીનીઓને પોતાના હક્કો વિષે, સરકારની મહિલાઓ માટેની વિવિધ યોજનાઓ વિષે અને પોતાના જીવનના ધ્યેય અને તેને હાસંલ કરવાની રીતો વિષે અત્યંત ઉંડાણપૂર્વક માહિતી આપી હતી.

મહિલા ઉદ્યોગ સાહસિકતા સેલ અંતર્ગત ડૉ. રિચા મહેતા, પ્રો. પલક પટેલ અને પ્રો. બીજલ પરમારે વિદ્યાર્થીનીઓને અભ્યાસ પછી સ્વરોજગાર આપતા નાના મોટા ઉદ્યોગો કેવી રીતે શરુ કરી શકાય તે અને ઉદ્યોગ સાહસિકતા માટે સરકારની વિવિધ યોજનાઓ અને તેના ફાયદાઓ વિષે વિદ્યાર્થીનીઓને માહિતગાર કર્યા હતા.

નોલેજ એન્ડ કરિયર ડેવલોપમેન્ટ સેલ અંતર્ગત ડૉ. અભિજિતસિંહ જાડેજા, પ્રો. વિશાલ પટેલ, પ્રો. જીજ્ઞેશ પટેલ અને પ્રો. કેતન સાળુંકેએ આઈ.ટી. ક્ષેત્રે ઉપયોગી પ્રોફેશનલ માહિતી આપી હતી. જેમાં કમ્યુનિકેશન, પ્રોફેશનલ બિહેવિયર, ડ્રેસિંગ સેન્સ અને ભવિષ્યમાં આઈ.ટી. ક્ષેત્રે આવનારી તકોનો સમાવેશ કર્યો હતો.

કાઉન્સીલીંગ સેશન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેકટર ડૉ. સંજય એમ. શાહે જણાવ્યું હતું કે આજે વિદ્યાર્થીઓમાં શિક્ષણ, સંસ્કાર અને ચારિત્ર્યનો સુભગ સમન્વય કરાવવો એ પડકારરૂપ છે. આ સ્પર્ધાત્મક વાતાવરણમાં વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય ઘડી શકે અને આઈ.ટી. ક્ષેત્રે નામાંકિત કંપનીઓમાં એટીટયુડ, એપ્ટિટયુડ અને ઓર્ગેનાઈઝેશન બિહેવિયર જેવી બાબતો પર પ્રભુત્વ મેળવે તે અતિ આવશ્યક છે. આ બે દિવસીય કાઉન્સીલીંગ સેશનમાં કોલેજના જ અંદાજિત ૭૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.

# નિસર્ગ ખાતે વિજ્ઞાન શિક્ષકોની તાલીમ યોજાઈ

**'ગુજકોસ્ટ સાયન્સ કલબ' અને આગામી 'રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૬' અંતર્ગત શિક્ષકોને તાલીમ અપાઈ**

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા રાજયની ૨ હજાર શાળાઓમાં સાયન્સ કલબ ચલાવાય છે. ગાંધીનગર જિલ્લામાં ચાલતી ૧૦૦ સાયન્સ કલબની જવાબદારી નિસર્ગ સાયન્સ સેન્ટરને સોંપવામાં આવી છે. આ તમામ સાયન્સ કલબના ઈન્ચાર્જ શિક્ષકોની આજે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે તાલીમ યોજવામાં આવી હતી. આ તાલીમ ગુજકોસ્ટ સાયન્સ કલબ તથા રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ-૨૦૧૬ અંતર્ગત યોજવામાં આવી હતી.

સાયન્સ કલબમાં વિદ્યાર્થીઓ સમગ્ર વર્ષ દરમિયાન તેમની શાળામાં વિવિધ વિજ્ઞાન લક્ષી પ્રવૃત્તિઓ જેવી કે વિજ્ઞાન અંગેના જુદા જુદા દિવસોની ઉજવણી કરવી, સ્પર્ધાઓ, સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરે છે. આ કાર્ય માટે સરકાર દ્વારા શાળાઓને રૂ. ૨૦૦૦ની ગ્રાન્ટ પણ આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાની ૧૦૦ સાયન્સ કલબની જવાબદારી નિસર્ગ સાયન્સ સેન્ટરને સોંપવામાં આવેલ હોઈ તમામ સાયન્સ કલબના ઈન્ચાર્જ શિક્ષકોની તાલીમ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ભૂતપૂર્વ પીઆરઓ નરેશભાઈ ઠાકર, એન્જિનીયર વસંતભાઈ પટેલ, આર.જી. પટેલ, કન્યા વિદ્યાલયના સુપરવાઈઝર હિતેષ પટેલ, નિવૃત્ત શિક્ષક ચંદુભાઈ પટેલ તથા નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.






આ પ્રસંગે ડૉ. અનિલભાઈ પટેલે શિક્ષકોને ગુજકોસ્ટ દ્વારા વર્ષ દરમિયાન થતા વિવિધ કાર્યક્રમો જેવા કે નેશનલ સાયન્સ સેમિનાર, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ, રૂરલ આઈ.ટી કવીઝ, વેસ્ટર્ન ઈન્ડિયા સાયન્સ ફેર, સાયન્સ કવીઝ, રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન કોંગ્રેસ તેમજ વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનના દિવસોની ઉજવણી અંગે વિગતવાર માહિતી આપી હતી. આ કાર્યક્રમોની ઉજવણી માટે તજજ્ઞો અને નવા વિચારોથી પણ તેમણે માહિતગાર કર્યા હતા. મુખ્ય મહેમાન નરેશભાઈ ઠાકરે શિક્ષકોને બાલ વિજ્ઞાન કોંગ્રેસ સ્પર્ધા માટે કેવા વિષયો પસંદ કરવા તેની સમજૂતિ આપી હતી. આ ઉપરાંત તેમણે વિષય પસંદગી બાદ તેનું અમલીકરણ કેવી રીતે કરવું તે અંગે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. વસંતભાઈ પટેલ તથા ગિતેષભાઈ પટેલે પણ શિક્ષકોને ઉપયોગી માહિતી પુરી પાડી હતી. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના ૭૦થી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં નિસર્ગ સાયન્સ સેન્ટરના કો ઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## બે દિવસીય ઈ-કોમર્સની તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

ગુજરાત રાજય સંચાલિત ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા ગત તા. ૧૪-૧૫ જુલાઈના રોજ સીઈડી સંસ્થાના નરોડા કેમ્પસ ખાતે બે દિવસીય 'ઈ કોમર્સ બિઝનેશ સ્થાપતા શીખો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ કોમર્સ અંગે જાગૃતિ આવે તેમજ ઈ કોમર્સ બિઝનેશ દ્વારા સ્વ રોજગારી તરફ આગળ વધી શકાય તે હેતુસર કાર્યક્રમનું આયોજન કરાયું હતું. કાર્યક્રમમાં ૪૦થી વધુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં નોલેજ પાર્ટનર તરીકે ઈન્ફીબીમ.કોમ એ સહયોગ આપ્યો હતો. ભાગ લેનાર ભાઈઓ બહેનો પોતાનો ઈ કોમર્સ બિઝનેસ સ્થાપી સ્વ નિર્ભર બની શકશે.

## દુઃખદ અવસાન

સ્વ.કિર્તીભાઈ જયંતિલાલ જોષીનું ગત તા. ૧૪ જુલાઈના રોજ દુઃખદ અવસાન થયું છે. આગામી તા.૧૭ જુલાઈને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન પ્લોટ નં. ૯૦૮/૨, સેકટર-૨-સી ખાતે સ્વર્ગસ્થનું બેસણું રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. પૂંજીબેન અંબાલાલ પટેલ, ઉ.વ. ૯૦
- સ્વ. કિર્તીકુમાર જયંતિલાલ જોશી, ઉ.વ. ૬૫
- સ્વ. દેવજીજી જેણાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. રમિલાબેન રમેશભાઈ નાયી, ઉ.વ. ૬૦
- સ્વ. સમુબેન ગણેશભાઈ રબારી, ઉ.વ. ૬૫